મંગળવાર, તા. ૭-૨-૨૦૧૨ | ૧

ફૂલછાબ રાજકોટ

# ગોધરાકાંડના સીટ દ્વારા સંભવતઃ ક્લોઝર રિપોર્ટનો વિરોધ

અમદાવાદ તા.૬ : ગોધરાકાંડ અને તોફાનોની તપાસ ચલાવી રહેલ સુપ્રિમકોર્ટ નિર્મિત સીટ ના વડા ક્લોઝર રિપોર્ટ રજૂ કરે તેવી શકયતા સામે ગુજરાત નાગરિક સ્વાતંત્ર સંગઠન (પીયુસીએલ) દ્વારા સુપ્રિમકોર્ટના ચીફ જસ્ટીસને ઇ-મેઇલ દ્વારા ખુલ્લો પત્ર પાઠવી સુપ્રિમકોર્ટ રચિત સીટના વડા રાઘવન તેમનો ક્લોઝર રિપોર્ટ રજૂ ન કરે અને સુપ્રિમકોર્ટના કોર્ટમિત્ર રાજુ રામચંદ્રનના રિપોર્ટને આધાર બનાવી વધુ તપાસ હાથ (જુઓ પાનું ૧૦)

## ગોધરાકાંડ

ધરે તેવી માંગણી કરી છે.

પીયુસીએલ દ્વારા ચીફ જસ્ટીસ સમક્ષ રજૂઆત કરાઇ છે કે, જો સીટનો ક્લોઝર રિપોર્ટ રજૂ કરાશે તો તેની અસર અન્ય મહત્વના કેસો પર પણ પડશે તેવી શકયતા છે. અને એ કેસોની તપાસ ઉપર પણ પ્રશ્નાર્થ મુકાશે. તેમણે જણાવ્યું હતું કે, રાઘવનના વડપણ હેઠળ રચાયેલ સીટને ગુલબર્ગ હત્યાકાંડ સહિત રમખાણોના નવ જેટલા મહત્વના કેસોની તપાસ સોંપવામાં આવી છે પરંતુ સીટ દ્વારા યોગ્ય દિશામાં તપાસ નહી થતા સુપ્રિમકોર્ટે એમ્કસક્યુરી (કોર્ટ મિત્ર) રાજુ રામચંદ્રનની નિમણુંક કરવાની ફરજ પડી હતી. અને રાજુ રામચંદ્રન દ્વારા રજૂ કરાયેલ તપાસ અહેવાલને સીટના વડા રાઘવને ધ્યાનમાં લીધેલ નથી. કારણકે રાજુ રામચંદ્રનના અહેવાલમાં રમખાણના કેસોમાં કોન કોન સંડોવાયેલ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે છતા પણ રાઘવન ઇરાદાપૂર્વક રીતે ક્લોઝર રિપોર્ટ રજૂ કરવા જઇ રહેલ હોવાનું જાણવા મળે છે.